## વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી
## યુનિવર્સિટી ભવન
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ–૩૮૮ ૧૧૦

**ડૉ.પી.પી.પટેલ**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

**ફોન(કચેરી): ૦૨૬૯૨–૨૬૨૩૧૬ ફેક્સ(કચેરી) : ૦૨૬૯૨–૨૬૨૩૧૭**
**મો. ૯૯૯૮૦૦૯૯૬૨ E.mail : dee@aau.in**

---

જા. નં. આકૃયુ/વિશિનિ/કેવીકે/ /૨૦૧૩ તા.૦૭/૦૩/૨૦૧૩

પ્રતિ,
યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ (તમામ) **તાત્કાલિક/સમયમર્યાદા**
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ

**વિષયઃ–** આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં ગોઠવવામાં આવેલ FLDની વિગત...
**સંદર્ભઃ–** સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ –ગકવ – ૧૨૨૦૧૩–૨૩૫–ક.૨ તા.૪/૩/૨૦૧૩

જય ભારત સહ જણાવવાનું કે ફ્રન્ટ લાઈન ડેમોસ્ટ્રેશન (FLD)ની નવી યોજના માટે સને ૨૦૧૩–૧૪ના નાણાકીય વર્ષમાં વિભાગ–૧ નવી બાબત તરીકે રૂા. ૪૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. આ નવી યોજનાના અમલીકરણ પૂર્વે ચર્ચા–વિચારણા અર્થે અગ્ર સચિવશ્રી (કૃષિ) ના અધ્યક્ષપણા હેઠળ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ છે. આ બેઠકના ઉપયોગ સારું આ સાથે સામેલ પત્રક ૧ અને ૨ માં માહિતી તૈયાર કરી હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપી (Excel sheet)માં તૈયાર કરી સંદર્ભપત્ર મુજબ મોકલી આપવાની રહે છે.

આથી આપના કેન્દ્ર/યુનિટ દ્વારા ગોઠવવામાં આવેલ FLD ની વિગત સામેલ પત્રક મુજબ (વર્ષ ૨૦૧૦–૧૧,૨૦૧૧–૧૨, અને ૨૦૧૨–૧૩) હાર્ડ કોપી તેમજ સોફ્ટ કોપી (Excel sheet)માં તા. ૧૩/૦૩/૨૦૧૩ સુધીમાં આ કચેરીને ઈ–મેઈલ અથવા રૂબરૂમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

વધુમાં જણાવવાનું કે સદર બાબતની માહિતી સમયમર્યાદામાં નહી મળે તો આપના કેન્દ્ર/યુનિટની માહિતી શૂન્ય ગણી મળેલ માહિતી એકત્રિત કરી મોકલી આપવામાં આવશે જે અંગેની જવાબદારી તમારી રહેશે.

**સામેલ :** ઉપર મુજબ **વિસ્તરણ શિક્ષણ નિયામક**

**નકલ સવિનય રવાનાઃ**

(૧)માન.કુલપતિશ્રી, આકૃયુ, આણંદના રહસ્યસચિવ તરફ જાણ સારું

(૨) સંશોધન નિયામકશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ સારું

(૩) નિયામકશ્રી, ઈન્ફરમેશન ટેકનોલોજી, આકૃયુ, આણંદ તરફ સદર પત્ર વેબસાઈટ ઉપર મુકવા સારું